જસિંતા કેરકટ્ટા : આદિવાસી સમાજનો બુલંદ અવાજ

ઈન સાઈડ આઉટ સાઈડ
કિરણ કાપૂરે

સ્વાભાવિક છે કે ગુજરાતી વાચકો માટે જસિંતા કેરકટ્ટાનું નામ સાવ અજાણ્યું હોય, પરંતુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે જસિંતા કવયિત્રી, લેખિકા અને પત્રકાર તરીકે જાણીતું નામ છે. ઝારખંડના આદિવાસી પરિવારમાંથી આવનારી જસિંતાનો પ્રથમ કાવ્યસંગ્રહ 'અંગોર' 2016માં આવ્યો હતો. ત્યારે તેમણે હજુ ત્રીસી વટાવી હતી. આ પુસ્તક હિન્દી અને તે પછી અંગ્રેજીમાં પ્રકાશિત થયું. જે રીતે જસિંતાની કવિતાઓમાં આદિવાસીઓની પીડા, સંઘર્ષ અને પર્યાવરણ પ્રત્યેની સંવેદનાની અનુભૂતિ વાચકો લેતા ગયા, તેમ આ પુસ્તક વધુ ને વધુ જાણીતું

બન્યું. પછી તો પુસ્તકનો અનુવાદ જર્મન અને ફ્રેન્ચ ઉપરાંત અન્ય ભાષાઓમાં પણ થયો છે. જસિંતાની આ પ્રાથમિક ઓળખ છે. તે પછી પણ તેમણે સાહિત્યમાં અનેક શિખરો સર કર્યાં છે અને આદિવાસી સમાજનો અવાજ તેઓ બન્યાં છે. હાલમાં તેમનો ઈન્ટરવ્યૂ 'સ્ક્રોલ' વેબસાઈટ પર આવ્યો છે, જેમાં તેમણે અનેક એવા મુદ્દા વિશે વાત કરી છે, જેનાથી તેમના સંઘર્ષ અને આદિવાસી સમાજની વધુ નજીકથી આપણને ઓળખ થઈ શકે.

એક પ્રશ્નના ઉત્તરમાં જસિંતા કહે છે કે, 'લાંબા સમય સુધી આદિવાસી સમાજ પોતાની સ્મૃતિઓને માત્ર મૌખિક પરંપરાના માધ્યમથી સાચવતો હતો. આ સ્મૃતિઓ ગીતો અને લોકકથાઓના સ્વરૂપે પેઢી દર પેઢી આગળ વધતી રહી. તે પછી પુસ્તકો લખાતાં ગયાં ત્યારે આ જ મૌખિક સ્વરૂપની અભિવ્યક્તિને સ્મૃતિઓમાંથી પુસ્તકનું સ્વરૂપ મળ્યું. એ રીતે જોઈએ તો અમે અમારા વારસાને પુસ્તકરૂપે લખીને દસ્તાવેજિત કરી રહ્યાં છીએ. ધીરે ધીરે આદિવાસી લોકો પણ પોતાની સંવેદના અને વિચારોને લખી રહ્યા છે. તેમાં માત્ર ભૂતકાળની સ્મૃતિઓ નથી, બલકે વર્તમાનની સ્મૃતિઓ પણ છે. એક આદિવાસી વ્યક્તિનું અસ્તિત્વ તેના સમાજ, પ્રકૃતિ અને આસપાસના વિશ્વથી અતૂટ રીતે જોડાયેલું છે, એ અર્થમાં તેનું વ્યક્તિગત અને સામૂહિક જીવન-સંસાર જમીન, જંગલો, નદીઓ અને પહાડોના લયમાં ચાલે છે.'

જસિંતા જે બયાન કરે છે તે સ્થિતિમાંથી દેશનો મહદંશે આદિવાસી વિસ્તાર અને સમૂહ પસાર થઈ રહ્યો છે. તેમણે લખેલી એક કવિતા 'સભ્યતાઓં કે મરને કી બારી'માં એ પીડા દેખા દે છે. આ કવિતાની પંક્તિઓ :

'ઑક્સિજન કી કમી સે,
બહુત-સી નદિયાં મર ગઈ,
પર કિસી ને ધ્યાન નહીં દીયા,
કિ ઉનકી લાશૈં તૈર રહી હૈ,
મરે હુએ પાની મેં અબ ભી.
નદી કી લાશ કે ઉપર આદમી લાશ ડાલ દેને સે,
કિસી કે અપરાધ પાની મેં ઘુલ નહીં જાતે,
વે સબ પાની મેં તૈરતે રહતે હૈ,
જૈસે નદી કે સાથ.
જૈસે નદી કે સાથ,
આદમી કી લાશેં તૈર રહી હૈ,
મરે હુએ પાની મેં અભ બી.
એક દિન જબ સારી નદીયાં,



મર જાયેગી ઑક્સિજન કી કમી સે,
તબ મરી હુઈ નદીયોં મેં તૈરતી મિલેંગી,
સભ્યતાઓં કી લાશેં ભી.

એક આદિવાસી વ્યક્તિનું અસ્તિત્વ તેના સમાજ, પ્રકૃતિ અને આસપાસના વિશ્વથી અતૂટ રીતે જોડાયેલું છે, એ અર્થમાં તેનું વ્યક્તિગત અને સામૂહિક જીવન-સંસાર જમીન, જંગલો, નદીઓ અને પહાડોના લયમાં ચાલે છે

નદીયાં હી જાનતી હૈ,
ઉનકે મરને કે બાદ આતી હૈ,
સભ્યતાઓં કે મરને કી બારી.'

પ્રકૃતિ પર આદિવાસી સમાજનું અવલંબન છે અને તે એટલું સહજ-સરળ, આંખે દેખાય એવું છે કે પ્રકૃતિ વિના એ વિસ્તારોમાં જીવન કલ્પવું મુશ્કેલ છે. તેથી નદીઓના મૃત્યુઘંટ સાથે જસિંતા પોતાના શબ્દોમાં સભ્યતા કેવી રીતે મરી પરવારશે તે જોઈ શકે છે. નગરજીવનમાં એ આપણને દેખાતું નથી. નદીઓ પ્રદૂષિત થાય, સાંકડી થાય કે તેમાં પાણી ન રહે, તેમ છતાં કોઈ શહેરીને એવું થતું નથી કે સભ્યતા મરી પરવારશે. કારણ કે શહેરી જીવનમાં નદીઓના આધારે આપણું જીવન ટક્યું છે એ આપણે સ્વીકારીએ તોય તેની મહત્તાને અવગણીએ છીએ. જસિંતા માત્ર કવયિત્રી નથી, બલકે તેઓ પત્રકાર તરીકે પણ કાર્ય કરે છે. પોતાના રાજ્ય ઝારખંડમાંથી તેઓ આદિવાસી સમાજનો શબ્દો થકી અવાજ બન્યાં છે અને સમયાંતરે અહીંની સમસ્યાઓને ઉજાગર કરે છે.

તેમના લેખનના પરિચય સાથે તેમના જીવનનો પરિચય પણ જાણવા જેવો છે. તેમનો જન્મ 1983માં ઝારખંડના સિંહભૂમિ જિલ્લામાં સ્થિત સારંડા જંગલમાં થયો હતો. તેમનો પરિવાર ઉરાંવ જનજાતિનો છે. તેમનું પ્રાથમિક શિક્ષણ મિશનરી શાળામાં થયું, તે પછી ઉચ્ચ અભ્યાસ રાંચીની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં થયો છે. પોતાના વિસ્તારમાં અવારનવાર હિંસક ઘટનાઓ બનતી હતી. આ ઘટનાઓનું રિપોર્ટિંગ થવું જોઈએ એવું તેમને લાગતું હતું. એ હેતુથી જ તેમણે પત્રકાર તરીકેની કારકિર્દી પસંદ કરી. 2010થી ત્રણ વર્ષ સુધી તેઓ 'જાગરણ' અખબારમાં કાર્યરત હતાં. તે પછી તેમની પત્રકારત્વની કારકિર્દી 'ધ વાયર' નામના ન્યૂઝ પોર્ટલ અને 'પ્રભાત ખબર' નામના અખબારમાં આગળ વધી. જસિંતાનું પત્રકારત્વ અને કવિતા એકસાથે ચાલે છે તે વિશે જ્યારે તેમને પૂછવામાં આવ્યું ત્યારે તેઓ કહે છે કે, 'એક પત્રકાર તરીકે સમાચાર અને લેખ દ્વારા આદિવાસી સમાજની પરિસ્થિતિ, સંઘર્ષ અને સમસ્યાઓને દેખાડવાનો પ્રયાસ કરું છું. એ રીતે એક એવું દસ્તાવેજીકરણ તૈયાર થાય છે, જે વાસ્તવિક સ્થિતિને ઉજાગર કરવા અને તેનો અભ્યાસ કરવા માટે ઉપયોગી છે. મારી પોતાની કવિતા અને કથાઓમાં હું તેમના જીવનમાં દેખાતી માનવીય લાગણીઓને પૂરા વિશ્વ સમક્ષ બયાન કરવા માગું છું. તેમાં તેમની પીડા, સંઘર્ષ, હાસ્ય અને જીવનદર્શન સમાવિષ્ટ છે. મારો ઉદ્દેશ વ્યાપક સમાજમાં માનવીય સંવેદનાને વિકસિત કરવાનો, આદિવાસી સમાજ વિશે પ્રસરેલી ખોટી ધારણાઓને દૂર કરવાનો અને આદિવાસી સમાજમાં જાગૃતિ લાવવાનો છે.'

જસિંતાનું લેખન અભ્યાસ કરતાં વધુ અનુભવો સાથેનું છે અને તેથી પણ તેમની અભિવ્યક્તિ લોકો સુધી સચોટ રીતે પહોંચે છે. આ વિશે જ્યારે તેમને પૂછવામાં આવ્યું ત્યારે તેઓ કહે છે કે, 'મારા સમાજ સાથેનો સંબંધ મને પ્રામાણિકતાથી લખવા માટે સક્ષમ બનાવે છે. પછી હું કોઈ પણ વિષય અંગે મારી ટિપ્પણી કરું કે કોઈ પણ સ્થિતિનું દસ્તાવેજીકરણ કરું. હું માત્ર કલ્પનાના આધારે કશુંય લખતી નથી. કોઈ વિષય પર લખતાં અગાઉ મારો તેની સાથેનો અનુભવ, તે સંબંધિત સ્થળ પર જવું, પરિસ્થિતિઓને મારી આંખોથી જોવી અને લોકો સાથેની વાતચીત કરવી ખૂબ જરૂરી છે. વાસ્તવિકતાને જોયા બાદ તેની કલ્પના અને અભિવ્યક્તિની શૈલી વેગળી હોઈ શકે છે, પરંતુ મારા માટે પોતાના અનુભવો આધારિત લેખન ખૂબ આવશ્યક છે. તેનાથી મને એવો વિશ્વાસ થાય છે કે મેં લખેલું પ્રામાણિક છે અને તેની પાછળ વાસ્તવિક અનુભવ અને આધાર છે. આ જ વિશ્વાસ મને પોતાના લેખન પર વિશ્વાસ કરવાની શક્તિ આપે છે.'

જસિંતા પોતાનાં પત્રકારત્વ કે સાહિત્યિક લખાણના સંદર્ભે જે માને છે તે પ્રેક્ટિસ જાણે હવે લુપ્ત થઈ રહી છે. તેઓ કહે છે કે, 'હું માનું છું કે માત્ર પુસ્તકોના આધારે જ સંશોધન ન કરવું જોઈએ. સંશોધકે સંબંધિત સ્થળે જઈને વાસ્તવિક સ્થિતિ જોવી જોઈએ. જમીની વાસ્તવિકતા સમય સાથે બદલાતી રહે છે, તેથી સંશોધકે વર્તમાન સ્થિતિ જોઈને અભ્યાસ કરવો જોઈએ.'

પોતાના વિચારોને લઈને જસિંતા પ્રતિબદ્ધ છે અને તે માટે તેઓ અનેક સન્માન પણ જતાં કરી ચૂક્યાં છે. 2023માં તેમણે 'ઈન્ડિયા ટુડે' ગ્રૂપ દ્વારા આપવામાં આવતું સાહિત્યિક સન્માન 'સાહિત્ય જાગૃતિ ઉદ્યમાન પ્રતિભા સન્માન' ઠુકરાવ્યું હતું. તેમણે તે અંગે સોશિયલ મીડિયા પોસ્ટમાં આ મતલબનું લખ્યું હતું કે, 'જ્યારે દેશમાં આદિવાસી સમાજનું ગૌરવ હણાઈ રહ્યું હોય, દેશના મધ્ય વિસ્તારોમાં અને મણિપુરમાં લોકોનાં જીવનનું કોઈ સન્માન જળવાતું ન હોય, અન્ય સમાજનાં બાળકો પણ સતત હુમલાનો ભોગ બનતાં હોય ત્યારે કોઈ કવિ કે લેખક સન્માનનો રોમાંચ કેવી રીતે અનુભવી શકે?'

એ રીતે તેમણે અમેરિકાની સંસ્થા 'રુમ ટુ રીડ'નું સન્માન પણ ગાઝામાં જે રીતે લોકો પર અત્યાચાર થઈ રહ્યા છે તેને લઈને ઠુકરાવ્યું હતું. જસિંતાના પરિચયની આ તો ઝલક છે. તેમની કવિતા અને પુસ્તકો વિશે વિગતે વાત થઈ શકે. તેમનાં પુસ્તકો અને કવિતાઓ ઈન્ટરનેટ પર સરળતાથી મળી જાય છે, તેથી તેનો અહીં ઉલ્લેખ કર્યો નથી.

ડહાપણની ડાળીએ ખીલ્યા, શાણપણનાં શબ્દો

મિજાજ મસ્તી
સંજય છેલ

ટાઇટલ્સ: આંખોથી વંચાય, મનથી સમજાય. (છેલવાણી)

ઓશો કે ભગવાન બન્યા પહેલાં જુવાન રજનીશજી જબલપુરનાં 'જયહિંદ' છાપામાં પાર્ટ-ટાઇમ પત્રકાર હતા. એકવાર તંત્રી શ્યામસુંદર શર્માએ એમને થોડાં સુવિચારો ભેગા કરવાનું કહ્યું. રજનીશજીએ રાતોરાત સુવિચારો શોધી આપ્યા, પણ નીચે લેખકો કે વિચારકોનાં નામ નહોતાં લખ્યાં. તંત્રીએ નીચે નામ લખવા કહ્યું. રજનીશજીએ તરત સુવિચારોની નીચે પોતાનું નામ લખી નાખ્યું. આ જોઈને તંત્રી હસી પડ્યા ને કહ્યું, 'તારા સુવિચારો તો અદ્ભુત છે, પણ અખબારમાં તો જાણીતા વિચારકોના જ સુવિચારો છપાય. તારા જેવા ના ચાલે.' એ તંત્રીજીને ત્યારે કલ્પના પણ નહીં હોય કે એક દિવસ એ રજનીશજી ખુદના મૌલિક વિચારો કે સુવાક્યોથી ફિલોસોફીની દુનિયામાં ધમાલ મચાવી મૂકશે?

હમણાં દિવાળીની સફાઇ કરતાં કરતાં અચાનક એક જૂની કિતાબ 'વર્ક્સ ઓફ વિઝડમ' મળી આવી. જૂની કિતાબને સ્પર્શવાનો, એને સૂંઘવાનો આનંદ જ અલગ હોય છે. જાણે એક ટાઇમ-મશીનમાં પ્રવેશ કરતા હોઈએ એવું લાગે. એ પુસ્તકમાં અનેક નામી-અનામી લેખકોનાં માત્ર વિઝડમ અર્થાત્ ડહાપણનાં સુવાક્યો જોવા મળ્યાં. જીવનમાં જેણે ખૂબ વાંચ્યું હોય, પચાવ્યું હોય અને ઉપરથી ખુદના અનુભવથી જે પ્રગટ્યું હોય એ શાણપણના શબ્દો. જેમ કે-

પરિકથામાં પ્રશ્નો ન પૂછાય.

માણસને ઓળખવો હોય તો એના દુશ્મનો તરફ નજર કરજો.

જેમ મિત્રને પસંદ કરો એમ તમારા લેખકને પસંદ કરો.

જુગાર માટે અંગ્રેજી કહેવત છે કે પાસા ફેંકવાની ઉત્તમ કળા એ પાસાને દૂર ફેંકી દેવાની છે.

તમને સફળતા મળે તો તાળીઓ મળશે. પણ તાળીઓને માણજો, એને માનતા નહીં.

કુદરતનું આંધળું અનુકરણ કરશો તો ઈશ્વરના કાર્યમાં હસ્તક્ષેપ કર્યો ગણાશે. કુદરતનું અર્થઘટન કરશો તો કલાકાર બનશો.

મિત્રો માટે એમના મરણ બાદ શ્રદ્ધાંજલિમાં લખવાની કે કહેવાની સારી સારી વાત એ લોકો જીવતા હોય ત્યારે જ કહી નાખવી જોઈએ.

અખબારની કોલમ એ હલકા અને અધકચરા અભિપ્રાય ઓકવા માટેનું વૉશ-બેઝિન નથી.

તમારા પતિ કે પત્ની કદરૂપા હોય ત્યારે બીજાના સૌંદર્યની ઈર્ષ્યા ન કરો.

પોતાને માટે જે વધુ પડતું માને, એવા માણસ વિશે વધુ પડતું વિચારવું નહીં.

લાદી થઈને જડાઈ જવા કરતાં કાચ થઈને ભાંગવું એ વધારે સારું. માથું હંમેશાં ઊંચું રાખજો, પણ નાક તો દોસ્તીના સ્તર પર જ રાખજો.

વ્યાજ આપવા માટે જેને પૈસા લેવા પડે એને કદી પૈસા ન આપો.

જે ગાંઠ ઉકેલી શકાય એને કાપવી નહીં.

ખુશામતિયાઓ તમારા કાન પર જ નભે છે.

રસ્તામાં ભટકી જવું એના કરતાં પાછા વળવું વધારે સારું.

મિત્રોને કુટુંબની જેમ રાખો અને કુટુંબને મિત્રોની જેમ.

જ્યાં તમે રોપાયા છો ત્યાં જ મહેકો.

જે માણસ તમને તરતાં શીખવે એને ડૂબાડશો નહીં.

બકરીની આગળ, ઘોડાની પાછળ ને માણસની ચારેબાજુ ક્યાંય પણ ઊભા રહેતાં ડરો.

તમે તમારી જાતને ગમે એટલી ઊંચી માનો, એનાથી બીજા નીચા નથી થઈ જતા.

સત્તાધીશના હાથ ગમે એટલા લાંબા હોય, પણ કમનસીબીના હાથ એના કરતાં વધારે લાંબા છે. કોઈએ પોતાના વિશે એવું ન માનવું કે એ કોઈની પણ પહોંચની બહાર છે.

મિત્ર ગુમાવવાનો હોય કે મજાક ગુમાવવાની હોય તો મજાકને ગુમાવો.

બધું વેચવું પડે તો પણ વેચીને તમારી સ્વતંત્રતા ખરીદી લો.

ઇન્ટરવલ:

એકને કહી, દૂજેને માની,
'નાનક' કહે, દોનોં જ્ઞાની.

આ ક્વોટેશનો ધ્રુવના તારા જેવા છે, જે ભલે આપણી આંગળી ઝાલીને ચાલે નહીં, પણ દૂર દૂરથી યે રસ્તો દેખાડે. કદાચ તમને અઘરા જીવનમાં ઝબકારો દેખાડી દિમાગમાં બત્તી જરૂર કરી શકે.

પરાજય એ પણ એક જાતની કલાનું સ્વરૂપ છે.

જ્યારે જ્યારે પડો ત્યારે ઊઠતી વખતે કશુંક ઉપાડી લો.

મેઘધનુષ જોઈએ હોય તો વરસાદને સ્વીકારવો પડે.

કોઈને દોષ દઈએ એ પહેલાં જોવું જોઈએ કે આપણે એને માફ કરી શકીએ એમ છીએ કે નહીં

કોઈને દોષ દઈએ એ પહેલાં જોવું જોઈએ કે આપણે એને માફ કરી શકીએ એમ છીએ કે નહીં.

જુવાન ખભા પર વૃદ્ધ મસ્તિષ્કની આશા ન રખાય.

વાવાઝોડું આવે ત્યારે શાણી વ્યક્તિ સલામતી માટે ઈશ્વરની પ્રાર્થના નથી કરતી, ભયમુક્તિ માટે કરે છે.

ઘૂંટણિયે પડીને જીવવા કરતાં પોતાના પગ પર ઊભા રહીને મરવું સારું.

તમારા ઘરમાં તમે દેખાવા જોઈએ, તમારો ઇન્ટિરિયર ડેકોરેટર નહીં.

'હું પ્રેમ કરું છું.' એ વાતને 'મારે લગ્ન કરવા છે' એ વાત સાથે ગૂંચવો નહીં.

સ્ત્રી પાસે વાતોડિયો પતિ હોવો જોઈએ, પણ પ્રિયતમ તો કાવ્યમય પુરુષ હોવો જોઈએ.

પથારી ગમે એટલી સુંવાળી કે હૂંફાળી હોય, આખરે એમાંથી ઊઠવાનું તો છે જ.

તમારી બુકશેલ્ફ એ પણ તમારો બગીચો જ છે.

હૃદયમાં લીલું વૃક્ષ રાખ્યું હોય તો પંખીઓ આપમેળે ગાતાં આવે. ઈશ્વરમાં ભલે શ્રદ્ધા હોય, પણ તમારા ઊંટને તો બાંધી જ રાખો...

છાપાનાં માણસો પાસે સામાન્ય બુદ્ધિ અને માનવતા માટેની નિસબત અનિવાર્ય છે. વણાટકામ શરૂ કરો તો ઈશ્વર દોરો પોતાની મેળે આપશે.જમીન પરથી જહાજ નક્કી ન કરાય.

'આપણી આસપાસના ધુમ્મસને વિખેરવાનો પુરુષાર્થ એ ઉત્તમ પુરુષાર્થ.'

અંતે ચોખવટ- આ સુંદર વિચારો ભલે બીજાનાં હોય, પણ જિંદગી તમારી છે એટલે એને અનુસરવામાં 'ડહાપણના ડોઝ'ને બદલે ક્યાંક 'ઓવર-ડોઝ' ના થઈ જાય!

એન્ડ-ટાઇટલ્સ:

આદમ: એક સુંદર વાક્ય કહું?
ઇવ: ના. પહેલાં સમજ, નાસમજ!

ભારતની T20 બેટિંગ વિશ્વસનીયતાના નવા સ્તરો આંબી રહી છે

ખેલખેલમેં

વેલિંગ્ટનમાં ન્યૂઝીલેન્ડ સામે રમાયેલી ત્રીજી T20માં અભિષેક શર્મા અને વૈભવ સૂર્યવંશીએ જે પ્રકારે બેટિંગ કરી તેનાથી હરીફ બોલરોને એ સમજાતું નહોતું કે બોલ ક્યાં ફેંકવો અને તેના કારણે તેઓએ એવી બોલિંગ કરી કે જેનાથી આ બંનેને પોતાના શોટ ખુલીને રમવાની તક મળી. અભિષેકની ઈનિંગ અસાધારણ હતી પણ જો તેના સાથી ઓપનર વૈભવની ઈનિંગ પણ સાધારણ તો નહોતી જ. આ બંનેએ 7.1 ઓવરમાં 133 રન ઉમેર્યા, અને તેઓ T20Iમાં ટીમ માટે સૌથી ઝડપી અડધી સદી અને બીજી સૌથી ઝડપી સદીનો રેકોર્ડ બનવી ગયા. અભિષેક 30 બોલમાં સદી ફટકારવાનો પોતાનો વ્યક્તિગત રેકોર્ડ તોડવાની નજીક હતો, પરંતુ આખરે તેની સદી 35 બોલમાં થઈ. આ જોડી આઉટ થઈ અને ભારતનો નંબર 4 બેટ્સમેન અને T20I કેપ્ટન શ્રેયસ અય્યર થોડા બોલ રમીને આઉટ થયો. અય્યરે મેચ પછી કહ્યું હતું કે જ્યારે સંજુ [મસન અને હું બેટિંગ કરવા ગયા, ત્યારે બોલ સીમ થઈ રહ્યો હતો. અને હું વિચારી રહ્યો હતો, આ બંનેએ કેવી રીતે આવી ફટકાબાજી કરી?.

આ ફોર્મેટની શોધ થયાને લગભગ 20 વર્ષ થઈ ગયા છે, અને ત્યારે જ ટીમોને ખ્યાલ આવ્યો છે કે તે કઈ મર્યાદાઓને આગળ ધપાવી શકે છે. તે મર્યાદાઓને આગળ ધપાવીને પ્રેક્ટિસ કરવા માટે પૂરતું ટેકનિકલ જ્ઞાન છે, અને તેમાં નિપુણતા મેળવનારા ખેલાડીઓ માટે પૂરતી નાણાકીય સહાય અને માન્યતા છે. અભિષેક-વૈભવની આ ધમાલ શરૂ થવાના 15 મિનિટ પહેલા જે થયું તે લગભગ આજના ક્રિકેટ જેવું જ હતું. ભારતીય બોલરો જાણતા હતા કે આ ફોર્મેટમાં તેમનું નિયંત્રણ મર્યાદિત છે. તેઓ સૌથી વધુ કરી શકે તે એ હતું કે ન્યૂઝીલેન્ડના બેટ્સમેનોને શોર્ટ સ્ક્વેર બાઉન્ડ્રીને બદલે મોટી સીધી બાઉન્ડ્રી મારવા માટે દબાણ કરવું, પછી તે યોજનાઓનો અમલ કરવાનો પ્રયાસ કરવો અને પરિણામો વિશે શાંત રહેવું. ન્યુઝીલેન્ડના બેટ્સમેનો જે આખું વર્ષ ભારત સામે કરતા આવ્યા છે, તેમ કરવાનો મહત્તમ પ્રયાસ કર્યો. T20 વર્લ્ડકપ ફાઈનલ સહિત, આ વર્ષે ભારત સામે આ તેમની નવમી T20I હતો. તેઓએ એક જીત મેળવી છે અને આઠ હાર્યા છે. જેમાં મંગળવારે 13.2 ઓવરમાં 199 રનના લક્ષ્યાંકનો સફળ રનચેઝની સાથે 15.2 ઓવરમાં 209ના લક્ષ્યાંકનો સફળ રનચેઝ તેમજ 10 ઓવરમાં 154 રનનો લક્ષ્યાંક આંબી લેવો સામેલ છે. સાથે જ T20 વર્લ્ડકપ ફાઈનલમાં જ્યારે ભારતને પ્રથમ બેટિંગ કરવાનું તેમના દ્વારા કહેવામાં આવ્યું ત્યારે ભારતે 255 રનનો પહાડ ખડો કર્યો હતો. બંને ટીમો વચ્ચેનો તફાવત, મોટાભાગે એ

ભારતમાં T20 રમવાની પ્રેક્ટિસ કરનારા ખેલાડીઓની સંખ્યા વધુ છે, તેથી ટીમમાં એવા ખેલાડીઓની સંખ્યા વધુ છે જે ક્રિકેટના આ ટૂંકા સ્વરૂપને રમવા માટે સક્ષમ છે અને તેના કારણે ભારતની T20 બેટિંગ વિશે સૌથી અસાધારણ બાબત એ છે કે તેની તેજસ્વીતા ઝડપથી સામાન્ય બની જાય છે અને તેમાં નવા સ્તર ખુલતા જાય છે

રહ્યો છે કે જ્યારે ન્યુઝીલેન્ડ કંઈક એવું રમે છે જે ક્રિકેટ જેવું લાગે છે, ત્યારે ભારત T20 રમે છે. ન્યુઝીલેન્ડ સારી રીતે રમે છે અને તેમની રમત T20 વર્લ્ડ કપ ફાઈનલમાં પહોંચવા પુરતી સારી ગણી શકાય છે, પણ તે જીતવા માટે સારી રમત ગણી શકાય તેમ નથી. તેઓ કદાચ ઈરાદાપૂર્વક તે નથી કરતાં પરંતુ તેમની પાસે ફોર્મેટને સમજવાનું યોગ્ય મિશ્રણ, અને પરિસ્થિતિઓ અને બોલિંગની ગુણવત્તાથી આગળ ફટકો મારવાની ગુણવત્તા અને ઊંડાઈનો અભાવ હોવાની શક્યતા છે.

અભિષેક અને સૂર્યવંશી, અને થોડા અંશે સંજુ સેમસન અને ઈશાન કિશન, ક્રિકેટના એ મૂળભૂત સિદ્ધાંતને તોડી પાડવાનો પ્રયાસ કરે છે: જેમાં બોલર ક્રિયા શરૂ કરે છે અને બેટ્સમેન પ્રતિક્રિયા આપે છે. જ્યારે ભારતના આ બેટ્સમેનો વ્યવહારીક રીતે બોલરને તેની પ્રતિક્રિયા આપવા માટે દબાણ કરે છે. આ ત્રણેયનું કોઈપણ સંયોજન બાઉન્ડ્રી મારવાની ઘણી બધી વિવિધ રીતોને એકસાથે લાવે છે કે તમે ભૂલ માટે માર્જિન ભૂલી શકો છો. ઘણીવાર સંપૂર્ણતાનો પણ આદર કરવામાં આવતો નથી. અને લક્ષ્ય જેટલું નાનું હશે, તેટલું જ મોટા અંતરથી ચૂકી જવાની શક્યતા વધારે છે. ઉદાહરણ તરીકે, આ મેચમાં, ભારતે લાંબી સીધી બાઉન્ડ્રીનો લાભ લેવા માટે ફુલ લેન્થ બોલિંગ કરી, શરૂઆતમાં જ સીમ મૂવમેન્ટ મેળવી, અને ન્યુઝીલેન્ડ પાસે એટલી બધી હિટિંગ રેન્જ નહોતી કે જે ભારતીય બોલરોને તેમની યોજનાઓથી રોકી શકે. જ્યારે ભારતે બેટિંગ કરી, ત્યારે સૂર્યવંશી અને અભિષેકે તરત જ ફોર અને સિક્સ માટે પરફેક્ટ લેન્થ ફટકારી. ત્યારબાદ તેમણે બોલરોને તેમની હિટિંગ પર પ્રતિક્રિયા આપવા માટે મજબૂર કર્યા, જે ફિલ્ડિંગ ટીમ માટે ભાગ્યે જ કામ કરે છે. ભારતીય બેટ્સમેન વારંવાર આવું કરી રહ્યા હોવાથી આપણે તેને કેટલું ખાસ ગણી શકીએ છીએ તેનું ઓછું આંકવાનું જોખમ લઈએ છીએ. જો IPL પૂરતું ન હોત, તો આ ભારતની વર્ષની 38મી T20I હતી, જેમાંથી કેટલાક વિશ્વભરમાં ઉડાન પછી જેટ લેગ સાથે રમાઈ હતી. પૂર્ણ-સમયના સભ્ય દ્વારા સૌથી ઝડપી સદીનો વિશ્વ રેકોર્ડ એકલા અભિષેકના નામે છે અને તે તેને તોડવાની અણી પર છે. સેમસને T20 વર્લ્ડકપની છેલ્લી ત્રણ મેચમાં જીવનભરની યાદો બનાવી છે. કિશને તે જ મેચમાં શુભમન ગિલ બહાર થયા પછી ટુર્નામેન્ટની શ્રેષ્ઠ ઈનિંગ રમી: 40 બોલમાં 77 રન એવી સ્થિતિમાં જ્યારે બાકીની ભારતીય ટીમ અને સમગ્ર પાકિસ્તાની લાઇન-અપ લગભગ એક રન-એ-બોલ પર સંઘર્ષ કરી રહી હતી. તે ઈનિંગ પણ હવે ઝાંખી પડતી યાદ જેવી લાગે છે.

તેમાં પછી સૂર્યવંશીનો ઉમેરો થયો છે, જે પોતાની તકની રાહ જોઈ રહ્યો છે. જ્યારે પણ તેને રમાડવામાં આવે ત્યારે તે વેલિંગ્ટનમાં જે કર્યું તે કરવા માટે તૈયાર રહેતો હોય છે. અને તિલક વર્માના નેતૃત્વમાં એક મધ્યમ ક્રમ છે, જેણે T20 મેચમાં રનચેઝમાં કદી પાછી પાની કરી નથી, અને જ્યારે ટોચનો ક્રમ નિષ્ફળ જાય છે ત્યારે તે મેચ સમાપ્ત કરવાનો અનુભવ મેળવી રહ્યો છે. તેની પાછળ કોઈ જાદુઈ સૂત્ર નથી. ભારતમાં વધુ ખેલાડીઓ T20 પ્રેક્ટિસ કરી રહ્યા છે, તેથી ટીમમાં એવા વધુ ખેલાડીઓ છે જે આ ફટાફટ ક્રિકેટને રમવા માટે સક્ષમ છે, અને તેથી તેમાંથી એક સફળ થવાની શક્યતા વધુ છે, ભલે તે પરંપરાગત રીતે એક ઉચ્ચ જોખમી અભિગમ હોય.

રસ્તામાં હાર થશે, જેમ કે આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ, પરંતુ આ બેટિંગ અભિગમ જે પ્રભુત્વ આપે છે તેના માટે તેઓ આ કિંમત ચૂકવવા તૈયાર છે.